# ટ્રેનોમાં ફક્ત મહિલાઓના પર્સ જ ચોરનારને LCBએ પકડ્યો

**કાનપુરના શાતીર ચોર પાસેથી 145 ગ્રામ સોનું અને રોકડ સહિત 21.66 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત**

સુરતઃ સુરત રેલવે એલસીબીના હેડ કોન્સ્ટેબલ પૃથ્વીરાજસિંહ ગોહિલ અને સુનીલભાઈ ચૌધરીને બાતમી મળી હતી કે, ભૂતકાળમાં વર્ષ-2021માં સોનાની ચોરીમાં પકડાયેલો કાનપુરનો મનીષસિંગ ભૂપેન્દ્રસિંગ ગોર (ઠાકુર) આ ગુનાઓમાં સંડોવાયેલો છે. દરમિયાન હેડ કોન્સ્ટેબલ પ્રકાશ તેજાભાઈ અને પ્રવિણ રઘુનાથને હકીકત જાણવા મળી હતી કે આ શંકાસ્પદ આરોપી હાલ સુરતના મજૂરા ગેટ, સગરામપુરા વિસ્તારમાં વિજય વલ્લભ ચોક નજીક વ્હાઈટ હાઉસ એપાર્ટમેન્ટના 801 નંબરના રૂમમાં છુપાયો છે. જેથી પોલીસે ત્યાં વોચ ગોઠવી હતી. દરમિયાન આરોપી સુરત રેલવે સ્ટેશનના ઉત્તર સાઈડના પાર્કિંગ ટેકરા પાસેથી એક મોપેડ નં.(GJ-04-CK-2164) અને બેગ સાથે પસાર થતાં જ પોલીસે તેને દબોચી લીધો હતો. પકડાયેલા શાતિર તસ્કર મનીષસિંગ ગોરની પૂછપરછમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. તે મોટે ભાગે ટ્રેનોના એસી કોચમાં જ મુસાફરી કરતો અને માત્ર મહિલા પેસેન્જર્સને જ ટાર્ગેટ બનાવતો હતો. મોડી રાત્રે 2 વાગ્યાથી સવારના 6 વાગ્યા સુધીના સમયગાળામાં જ્યારે મહિલા મુસાફરો ભર ઊંઘમાં હોય, ત્યારે એસી કોચના પડદાની આડશ મેળવીને તેમની બાજુમાં રાખેલા લેડીઝ પર્સની ચેઈન ખોલી દાગીના-રોકડ સરકાવી લેતો હતો. ઘણીવાર તે આખું પર્સ ઉપાડીને અન્ય સીટ કે બાથરૂમમાં લઈ જતો અને કીમતી સામાન કાઢીને પર્સ ત્યાં જ ફેંકી દેતો હતો. આરોપી એટલો ચાલાક અને રીઢો છે કે તે ક્યારેય મોબાઈલ ફોનની ચોરી કરતો નહોતો. પૂછપરછ દરમિયાન તેણે કબૂલ્યું હતું કે મોબાઈલ ફોન ચોરવાથી લોકેશન ટ્રેસ થઈ જતા પકડાઈ જવાની પૂરેપૂરી શક્યતા રહે છે. આથી જો લેડીઝ પર્સ માંથી કોઈ મોંઘો મોબાઈલ ફોન મળે, તો પણ તે મોબાઈલ ફોનને પર્સની સાથે જ ફેંકી દેતો હતો અને માત્ર સોનું તથા રોકડ જ ચોરતો હતો. પોલીસે આરોપીની ઝડતી લેતા તેની પાસેથી ચોરી કરેલા સોનાના દાગીના ઓગાળીને બનાવેલી સોનાની 6 રણી, સોનાની બંગડી, કાનની કડી, બુટ્ટી અને ડાયમંડવાળી વીંટી મળી કુલ 145.20 ગ્રામ સોનું (કિંમત 16,70,500) કબજે કર્યું છે.

## અનુસંધાન ... પાના પહેલાનું

### પુલવામા હુમલાના...

હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. તેમણે ઉમેર્યું હતું કે સ્થાનિક સુરક્ષા દળો હસ્તક્ષેપ કરે તે પહેલાં જ હુમલાખોરો ઘટનાસ્થળેથી ભાગી જવામાં સફળ રહ્યા હતા. એક પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું કે, "ગોળીબાર કર્યા બાદ એક શંકાસ્પદ વ્યક્તિ મોટરસાઈકલ પર ભાગી રહ્યો હતો ત્યારે સ્થાનિક લોકોએ તેને પકડી પાડ્યો અને પોલીસને હવાલે કરી દીધો હતો." મૂળ જમ્મુ અને કાશ્મીરના પુલવામા જિલ્લાના ખારના વતની હતો અને તે કાયદેસરના દસ્તાવેજો સાથે પાકિસ્તાન ગયો હતો, જ્યાં તે અલ બદર આતંકી સંગઠનમાં જોડાયો હતો.. તે સંગઠનમાંથી કડવાશભર્યા અંત સાથે બહાર નીકળ્યા પછી તે 'અલ બરાક'માં જોડાયો હતો અને પાકિસ્તાનની જાસૂસી સંસ્થા ISI સાથે ગાઢ જોડાણ જાળવી રાખ્યું હતું. ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ થયેલા હુમલાના કાવતરામાં સામેલ હોવા બદલ તેને યુએપીએ હેઠળ ઘોષિત આતંકવાદી જાહેર કરવામાં આવ્યો હતો. જેમણે ધુરંધર ફિલ્મ જોઈ છે તેમના માટે આ દ્રશ્ય જાણીતું છે. વાસ્તવમાં છેલ્લા બે વર્ષમાં અનેક ભારત વિરોધી આતંકવાદીઓ પાકિસ્તાનમાં કે પીઓકેમાં અજાણ્યા હુમલાખોરોના હાથે માર્યા ગયા છે. એમ જાણવા મળે છે કે હમઝાએ હાલમાં જ હિઝબુલ મુજાહિદીનના ભૂતપૂર્વ કાર્યકર કદીર લાલાની પુત્રી સાથે લગ્ન કર્યા હતા.

### બેંગલુરુ એરપોર્ટ પર...

સુરક્ષિત રીતે લેન્ડ થયું હતું, અને તમામ મુસાફરો અને ક્રૂ સામાન્ય રીતે બહાર આવ્યા હતા. " સૂત્રોએ જણાવ્યું હતું કે, જ્યારે વિમાન લેન્ડ થવાની નજીક હતું ત્યારે તેને 'વેક ટર્બ્યુલન્સ' (હવામાં વંટોળ)નો અનુભવ થયો હતો, જેના પગલે પાઈલટે 'ગો અરાઉન્ડ' (ફરીથી હવામાં ચક્કર લગાવવાનો) નિર્ણય લીધો હતો. આ પ્રક્રિયા દરમિયાન ટેઈલ સ્ટ્રાઈક થઈ હતી. એર ઈન્ડિયાના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, વિમાનને વિગતવાર તપાસ માટે ગ્રાઉન્ડ કરવામાં આવ્યું છે અને સંબંધિત નિયમનકારી સત્તાવાળાઓ સાથે સંકલન કરીને સ્થાપિત પ્રક્રિયાઓ અનુસાર આ ઘટનાની તપાસ કરવામાં આવશે.

**એન્જિનમાં આગ લાગવાની શંકાના કારણે એર ઈન્ડિયાના વિમાનનું દિલ્હી એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ**

સૂત્રોના જણાવ્યા અનુસાર, બેંગલુરુથી આવી રહેલા એર ઈન્ડિયાના એક વિમાનનું ગુરુવારે સાંજે એન્જિનમાં આગ લાગવાની શંકાના કારણે દિલ્હી એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું.

ક્રૂ મેમ્બર્સે તમામ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર્સ (નિયત પ્રક્રિયાઓ)નું પાલન કર્યું હતું અને વિમાનને દિલ્હી એરપોર્ટ પર સુરક્ષિત રીતે ઉતાર્યું હતું. એરલાઇને એક નિવેદનમાં જણાવ્યું છે કે, તમામ મુસાફરો અને ક્રૂ મેમ્બર્સ સુરક્ષિત છે અને સામાન્ય રીતે વિમાનમાંથી બહાર આવી ગયા છે.

આ A320 વિમાન બેંગલુરુથી દિલ્હી માટેની ફ્લાઇટ AI2802 ઓપરેટ કરી રહ્યું હતું.

### સોશિયલ મીડિયા...

આ પ્લેટફોર્મનું ઈન્સ્ટાગ્રામ પેજ ગુરુવાર સાંજ સુધીમાં ૧.૫૬ કરોડથી વધુ(૧૫.૬ મિલિયન) ફોલોઅર્સ અને સતત વધારા સાથે સક્રિય છે. ગુરુવારે 'કોકરોચ ઈઝ બેક' એક્સ એકાઉન્ટની એક પોસ્ટમાં ભારતીય જનતા પાર્ટીના સત્તાવાર એકાઉન્ટ સાથે સરખામણી કરવામાં આવી હતી, જેના ઈન્સ્ટાગ્રામ પ્લેટફોર્મ પર આશરે ૮૭ લાખ (૮.૭ મિલિયન) ફોલોઅર્સ છે. ઘણા લોકો માટે ઝડપથી 'સીજેપી' (CJP) બનેલી કોકરોચ જનતા પાર્ટીના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટે વિપક્ષ કોંગ્રેસના ફોલોઅર્સની સંખ્યાને પણ પાછળ છોડી દીધી છે, જેના ૧.૩૩ કરોડ (૧૩.૩ મિલિયન) ફોલોઅર્સ છે. આ પક્ષની સ્થાપનાના પાંચ જ દિવસમાં ઈન્સ્ટાગ્રામ પણ તેના ફોલોઅર્સનો આંકડો દસ લાખને વટાવી ગયો છે. ભારતના રાજકીય સોશ્યલ મીડિયા લેન્ડસ્કેપમાં આટલી ઝડપથી ફોલોઅર્સ વધવાનું ભાગ્યે જ જોવા મળ્યું છે.

### કોક્રોચ જનતા...

તેણે ફરી એકવાર શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ શેર કરી હતી. દીપ્કેના જણાવ્યા અનુસાર, એક્સ પર ૨,૦૧,૦૦૦ ફોલોઅર્સ ધરાવતી 'કોકરોચ જનતા પાર્ટી'નો જન્મ ભારતના મુખ્ય ન્યાયાધીશ(CJI) સૂર્યકાંત દ્વારા વરિષ્ઠ હોદ્દાની માંગ કરતી અરજી માટે એક વકીલને ઠપકો આપતી વખતે પરજીવીઓ(પેરાસાઈટ્સ) અને કોકરોચ(વંદા) શબ્દોનો ઉપયોગ કરવાના વિવાદ બાદ થયો હતો. જો કે CJIએ બાદમાં સ્પષ્ટતા કરી હતી કે તેમના નિવેદનને ખોટી રીતે રજૂ કરવામાં આવ્યું હતું અને તેમની ટિપ્પણીઓ ખાસ કરીને નકલી અને બોગસ ડિગ્રી દ્વારા કાનૂની વ્યવસાયમાં પ્રવેશતા વ્યક્તિઓ તરફ નિર્દેશિત હતી.

૧૫ મેના રોજ CJIની ટિપ્પણીના બીજા જ દિવસે અસ્તિત્વમાં આવેલું આ એકાઉન્ટ ઝડપથી વાયરલ થઈ ગયું હતું, જેને રાજકારણીઓ, કાર્યકરો, કલાકારો અને મોટી સંખ્યામાં યુવાન તથા અન્ય સોશિયલ મીડિયા યુઝર્સનું સમર્થન મળ્યું હતું. જો કે આ એક્સ એકાઉન્ટ ભારતમાં એક્સેસ કરી શકાતું નથી, પરંતુ તેને વીપીએન દ્વારા જોઈ શકાય છે.

તેમણે અમને બ્લોક કર્યા તેનું કારણ આ છે, તે પોસ્ટમાં લખ્યું હતું, જેમાં કમળના ફૂલ (જે ભાજપનું ચૂંટણી ચિન્હ છે) પર વંદો બેઠેલો હોય તેવી તસવીર પણ હતી. બીજી એક પોસ્ટમાં લખ્યું હતું, તમને લાગ્યું કે તમે અમારાથી છુટકારો મેળવી શકશો? લોલ (Lol). ઘણા લોકો માટે ઝડપથી 'સીજેપી' (CJP) બનેલી કોકરોચ જનતા પાર્ટીના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટે વિપક્ષ કોંગ્રેસના ફોલોઅર્સની સંખ્યાને પણ પાછળ છોડી દીધી છે, જેના ૧.૩૩ કરોડ (૧૩.૩ મિલિયન) ફોલોઅર્સ છે.

### 'કોકરોચ જનતા...

ગણતરીના દિવસોમાં જ લાખો વ્યુઝ અને ફોલોઅર્સ મેળવ્યા હતા. જ્યારે આ સંસ્થાનું એક્સ એકાઉન્ટ ભારતમાં રોકી દેવામાં આવ્યું છે, ત્યારે ટ્રેડ માર્ક્સ રજિસ્ટ્રી પોર્ટલ પર દાખલ કરવામાં આવેલી અરજીઓમાં રાજકીય અને સામાજિક સેવાઓ પૂરી પાડવાની શ્રેણી હેઠળ ટ્રેડમાર્ક નોંધણીની માંગ કરવામાં આવી છે. આ અલગ-અલગ અરજીઓ અઝીમ આદમભાઈ જામ અને અખંડ સ્વરૂપ નામના વ્યક્તિઓ દ્વારા – જેમની વિશે બહુ જાણીતી માહિતી નથી – અને 'કોકરોચ જનતા પાર્ટી' નામની પ્રોપ્રાઈટરશિપ ફર્મ દ્વારા દાખલ કરવામાં આવી છે.

### કોણ છે કોકરોચ...

હવે સોશિયલ મીડિયા પર ચર્ચા છેડાઈ ગઈ છે કે શું આ માત્ર એક વાયરલ મીમ ટ્રેન્ડ છે કે પછી યુવાનોની નારાજગીનો નવો ચહેરો? 30 વર્ષીય અભિજીત દીપકે મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગર (ઔરંગાબાદ)ના રહેવાસી છે. તેમણે પુણેથી પત્રકારત્વમાં ગ્રેજ્યુએશન કર્યું છે અને તાજેતરમાં જ અમેરિકાની પ્રતિષ્ઠિત બોસ્ટન યુનિવર્સિટીમાંથી પબ્લિક રિલેશન્સ (પીઆર)માં માસ્ટર ઓફ સાયન્સની ડિગ્રી પૂર્ણ કરી છે.

રાજકીય રણનીતિ અને સોશિયલ મીડિયા કેમ્પેનિંગમાં અભિજીત પહેલાથી જ સક્રિય રહ્યા છે. વર્ષ 2020થી 2022 વચ્ચે તેઓ અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટીની સોશિયલ મીડિયા ટીમમાં પ્રમુખ વોલન્ટિયર તરીકે કામ કરી ચૂક્યા છે.

પાર્ટીમાં જોડાવા માટે જે એલિજિબિલિટી (લાયકાત) જણાવવામાં આવી છે, તે પણ સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહી છે. જેમાં લખવામાં આવ્યું છે:

- બેરોજગાર હોવો જોઈએ
- આળસુ હોવો જોઈએ
- હંમેશાં ઓનલાઇન રહેવાવાળો હોવો જોઈએ
- પ્રોફેશનલ રીતે ભડાસ (ગુસ્સો) કાઢવાની ક્ષમતા હોવી જોઈએ.

### પશ્ચિમ બંગાળમાં...

વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, આ નિર્ણયનો ઉદ્દેશ્ય વિભાગ હેઠળ કાર્યરત સંસ્થાઓમાં પ્રાર્થનાસભાની પદ્ધતિઓમાં સમાનતા લાવવાનો હતો.

અધિકારીએ ઉમેર્યું હતું કે, "આ આદેશ સક્ષમ સત્તાધિકારીની મંજૂરી સાથે બહાર પાડવામાં આવ્યો છે અને તેનો તાત્કાલિક અસરથી અમલ કરવાનો રહેશે."

આ જાહેરનામું જરૂરી કાર્યવાહી માટે જિલ્લા મેજિસ્ટ્રેટો, શાળાઓના જિલ્લા નિરીક્ષકો (ડી.આઈ.), વેસ્ટ બેંગાલ બોર્ડ ઓફ મદ્રેસા એજ્યુકેશન અને અન્ય વરિષ્ઠ અધિકારીઓને મોકલવામાં આવ્યું હતું.

### ભારે ગરમીમાં શેકાયું...

આ આંકડો ઉત્તર પ્રદેશના બાંદામાં નોંધાયો છે. તાપમાનની દ્રષ્ટિએ 20 મેના રોજ બાંદા દુનિયાનું ત્રીજું સૌથી ગરમ શહેર રહ્યું. બાંદા કરતાં વધુ તાપમાન માત્ર ઈજિપ્તના અસવાનમાં 49.4C અને સાઉદી અરેબિયાના અરાફાતમાં 48.4C રહ્યું. દુનિયાભરમાં સૌથી વધુ તાપમાન ધરાવતા ટોપ-5 શહેરોમાં ખજુરાહો 47.4C સાથે ચોથા ક્રમે રહ્યું. બાંદામાં આજે ગુરુવારે તાપમાન થોડું ઘટીને ૪૭.૬ ડીગ્રી થયું હતું છતાં તે દેશના સૌથી ગરમ સ્થળ તરીકે ચાલુ રહ્યું હતું. બીજી તરફ, માં ભીષણ ગરમીના કારણે કસ્તુરબા ગાંધી નિવાસી શાળામાં ભણતી 8 વિદ્યાર્થિનીઓ બેહોશ થઈ ગઈ હતી. તમામ વિદ્યાર્થિનીઓને ઉલટી, માથાનો દુખાવો અને બેહોશી જેવી ફરિયાદો હતી. તેમની સારવાર ચાલી રહી છે. બુધવારે ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, હરિયાણા, દિલ્હી, પંજાબ, ઓડિશા અને મહારાષ્ટ્રના 16 શહેરોમાં પણ તાપમાન 46C કરતાં વધુ રહ્યું હતું. મહારાષ્ટ્રના વર્ધામાં 47.1C, હરિયાણાના રોહતકમાં 46.9C, મહારાષ્ટ્રના નાગપુરમાં 46.6C અને મધ્ય પ્રદેશના નૌગાંવમાં પણ પારો 46.6C સુધી પહોંચી ગયો હતો.

### દેશમાં બાંદા જ...

તડકો, ચોખ્ખું આકાશ, જમીનમાં ભેજની અછત ધરાવતો પઠારી વિસ્તાર, સુકાતી નદીઓ, જંગલોનું નિકંદન અને ખનન પણ આ માટે જવાબદાર પરિબળો છે.

### દિલ્હી ડાયરી...

અંગેની ચર્ચાઓ દર્શાવે છે કે નજીકના ભવિષ્યમાં ઇંધણના ભાવમાં વધારો થવો નિશ્ચિત છે. ઓઇલ કંપનીઓ તરફથી પણ ભાવ વધારવા માટે સતત દબાણ કરવામાં આવી રહ્યું છે. એલપીજીના કિસ્સામાં, સરકારે ભૂતકાળમાં ઓઇલ કંપનીઓ પરનો બોજ ઓછો કરવા માટે હસ્તક્ષેપ કર્યો હતો અને આ વખતે પણ આવા કોઈ સરકારી હસ્તક્ષેપની શક્યતાને નકારી શકાય તેમ નથી.

**રાષ્ટ્રીય મુદ્દાઓનું રાજકીયકરણ**

દેશભરના ભાજપના નેતાઓને આતંકવાદ વિરોધી સૈન્ય અભિયાન 'ઓપરેશન સિંદૂર'ની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે તેમના સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર પ્રોફાઇલ પિક્ચર (ડીપી) બદલીને આ ઓપરેશનનો લોગો લગાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી, કેબિનેટ મંત્રીઓ અને વરિષ્ઠ નેતાઓએ પહેલેથી જ પોતાના પ્રોફાઇલ પિક્ચર બદલી નાખ્યા છે. કેટલાક સરકારી અધિકારીઓને પણ ૧૦ મે સુધીમાં તેમના ડિસ્પ્લે પિક્ચર બદલવા માટેના સંદેશા મળ્યા છે. આ ઉપરાંત, તેમને પોતપોતાના વિભાગોમાં સહકર્મચારીઓ વચ્ચે પણ આ બાબતનો પ્રચાર કરવા માટે કહેવામાં આવ્યું છે. રાષ્ટ્રીય હિતના અત્યંત મહત્ત્વપૂર્ણ મુદ્દા પર આ પ્રકારનો અતિશય દેખાડો કરવાનું આ ફરી એક ઉત્તમ ઉદાહરણ છે. આવા ગંભીર રાષ્ટ્રીય મુદ્દાનો ઉપયોગ આત્મ-ગૌરવ વધારવા અને રાજકીય લાભ ખાટવાના સાધન તરીકે કરવો તે ચોક્કસપણે યોગ્ય નથી.

# પશ્ચિમ બંગાળમાં ભાજપની સરકાર આવતાં જ ચિકન નેક વિસ્તારનો કબજો કેન્દ્રને સોંપી દેવાયો




પશ્ચિમ બંગાળમાં સત્તા પરિવર્તન બાદ ચિકનનેક તરીકે વિખ્યાત સિલિગુડી કોરિડોર ફરી એક વાર સમાચારમાં છે. નવી ભાજપ સરકારે આ સંવેદનશીલ વિસ્તારમાં આશરે ૧૨૦ એકર જમીન કેન્દ્ર સરકારને સોંપવાનો નિર્ણય લીધો છે. સરકારનું કહેવું છે કે આ જમીનનો ઉપયોગ સરહદ સુરક્ષા, વાડ, રાષ્ટ્રીય ધોરીમાર્ગો અને અન્ય વ્યૂહાત્મક માળખાકીય વિકાસ કાર્યો માટે કરવામાં આવશે. સિલિગુડી કોરિડોર ભારતના સંરક્ષણ માટે મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે, કારણ કે જમીનનો આ સાંકડો પટ્ટો આઠ પૂર્વોત્તર રાજ્યોને દેશના બાકીના ભાગ સાથે જોડે છે. આ કોરિડોર આશરે ૨૨ કિલોમીટર પહોળો અને ૬૦ કિલોમીટર લાંબો હોવાનો અંદાજ છે. તે નેપાળ અને બાંગ્લાદેશ સાથે પણ સરહદો ધરાવે છે, જે તેને રાષ્ટ્રીય સુરક્ષાના દૃષ્ટિકોણથી અત્યંત સંવેદનશીલ વિસ્તાર બનાવે છે. ભાજપનો આરોપ છે કે અગાઉની તૃણમૂલ કોંગ્રેસ સરકારે સુરક્ષા એજન્સીઓને આ વિસ્તારમાં પૂરતો અધિકાર અને જમીન આપવામાં રસ દાખવ્યો ન હતો.

ભાજપ આરોપ લગાવી રહ્યું છે કે પાછલી ટીએમસી સરકારની નીતિઓને કારણે ખાસ કરીને ઉત્તર બંગાળના સરહદી વિસ્તારોમાં ગેરકાયદેસર બાંગ્લાદેશીઓની ઘૂસણખોરી વધી હતી, જેના કારણે ચિકનનેક કોરિડોરની સુરક્ષા વધુ ચિંતાજનક બની હતી. પશ્ચિમ બંગાળની સરકાર દ્વારા કેન્દ્રને સોંપવામાં આવી રહેલા નેશનલ હાઈ વેના સાતમાંથી પાંચ પટ્ટા સિલિગુડી કોરિડોર અથવા ચિકનનેક કોરિડોરમાંથી પસાર થાય છે . પશ્ચિમ બંગાળ સરકારના તાજેતરના નિર્ણય અંગે અધિકારીઓનું કહેવું છે કે આ સાથે લાંબા સમયથી પડતર હાઇ વેના વિસ્તરણનું કામ ઝડપથી પૂર્ણ થશે તેમ જ વેપાર અને પર્યટનને પણ પ્રોત્સાહન મળશે. આ પ્રોજેક્ટ બિહાર અને પશ્ચિમ બંગાળ વચ્ચે માલદા અને મુર્શિદાબાદ થઈને કનેક્ટિવિટી પણ વધારશે. તેના કારણે નાદિયા અને ઉત્તર ૨૪ પરગણા જિલ્લાઓ દ્વારા બાંગ્લા દેશ સરહદ પર અવરજવર પણ સરળ બનશે. પશ્ચિમ બંગાળમાં સત્તાપરિવર્તન પછી ચિકનનેક બાબતમાં મહત્ત્વનો નિર્ણય લેવાયો છે.

આ ચર્ચા વચ્ચે, ૨૦૨૦ નાં દિલ્હી રમખાણોના આરોપી શરજીલ ઇમામનું એક જૂનું નિવેદન પણ ફરી સમાચારમાં છે, જેમાં તેણે ચિકનનેક કોરિડોર વિશે વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી. શરજીલ ઇમામે કહ્યું હતું કે જો ૫,૦૦,૦૦૦ મુસ્લિમો પણ ભેગાં થાય તો ચિકનનેક વિસ્તારને બ્લોક કરીને ભારતનાં ઉત્તર-પૂર્વીય રાજ્યોને સંપૂર્ણપણે કાપી શકાય છે. શરજીલ ઇમામ આ નિવેદન એટલા માટે આપી રહ્યા હતા, કારણ કે ચિકનનેક મુસ્લિમ બહુમતી ધરાવતો વિસ્તાર છે. આ નિવેદન એટલું ખતરનાક હતું કે શરજીલ ઇમામને આજ સુધી કોર્ટ દ્વારા જામીન આપવામાં આવ્યા નથી. કેન્દ્ર સરકારે ચિકનનેક વિસ્તારને સંપૂર્ણપણે બીએસએફને સોંપવા માટે મમતા બેનરજીને અનેક દરખાસ્તો મોકલી હતી, પરંતુ તેમણે તેમ કરવાનો ઇનકાર કર્યો હતો. ભારત સરકાર આ વિસ્તારમાં ભૂગર્ભ રેલ નેટવર્ક બનાવી રહી છે. જેથી ભવિષ્યમાં રસ્તા અવરોધની સ્થિતિમાં લશ્કરી હિલચાલ ચાલુ રહે અને ઉત્તર-પૂર્વીય રાજ્યોનો ભારત સાથેનો સંપર્ક અકબંધ રહે. ભાજપનો દાવો છે કે નવી સરકારની રચના પછી આ દિશામાં ઝડપથી નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. આ મુદ્દો રાજકીય વર્તુળોમાં પણ ચર્ચાઈ રહ્યો છે કારણ કે ભાજપ અને ટીએમસી તાજેતરમાં પશ્ચિમ બંગાળમાં ગેરકાયદેસર અતિક્રમણ સામે બુલડોઝર કાર્યવાહી, પુનઃ મતદાન અને તાજેતરની ચૂંટણીમાં કરવામાં આવેલી હિંસા જેવા મુદ્દાઓ પર ટકરાયા છે.

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ ભારત-

**ટુ ધ પોઇન્ટ ▪ સંજય વોરા ▪**

બાંગ્લાદેશ સરહદ પર વાડ કરવા માટે સરહદ સુરક્ષા દળ (BSF) ને જમીન સોંપવાની પ્રક્રિયા શરૂ કરી છે. ભારત બાંગ્લા દેશ સાથે ૪,૦૯૭ કિલોમીટરની સરહદ ધરાવે છે. તે પૈકી પશ્ચિમ બંગાળ બાંગ્લા દેશ સાથે આશરે ૨,૨૧૬ કિલોમીટરની આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવે છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આશરે ૩,૨૪૦ કિલોમીટર સરહદ પર વાડ લગાવવામાં આવી છે અને આશરે ૮૫૦ કિલોમીટરમાં વાડ લગાવવાની બાકી છે, જેમાં ૧૭૫ કિલોમીટર મુશ્કેલ ભૂપ્રદેશનો સમાવેશ થાય છે. આ ૧૭૫ કિલોમીટરમાંથી, ૧૨૭ કિલોમીટરમાં હજુ વાડ લગાવવાની બાકી છે. મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ દાવો કર્યો હતો કે મમતા બેનરજીની સરકાર દરમિયાન આ વિભાગના માત્ર ૮ કિલોમીટરમાં જ વાડ લગાવવામાં આવી હતી. કેન્દ્ર સરકારે બંગાળના સરહદી જિલ્લાઓમાં બાંગ્લા દેશ સરહદ પર BSF ના અધિકારક્ષેત્રને ૧૫ કિ.મી.થી વધારીને ૫૦ કિ.મી. કર્યું હતું. આનો અર્થ એ થયો કે BSF ૫૦ કિ.મી. સુધીના વિસ્તારમાં શોધ, ધરપકડ અને જપ્તીની કાર્યવાહી કરી શકે છે. તત્કાલીન મમતા બેનરજી સરકારે આ નિર્ણયને રાજ્યના મામલામાં દખલગીરી ગણાવી હતી. ડિસેમ્બર ૨૦૨૧ માં બંગાળ વિધાનસભાએ તેની વિરુદ્ધ એક ઠરાવ પણ પસાર કર્યો હતો.

ભારત સરકારે હવે ચિકનનેક વિસ્તારમાં ભૂગર્ભ ટનલ બનાવવાની અને રેલવે ટ્રેક નાખવાની યોજનાને અંતિમ સ્વરૂપ આપી દીધું છે. પશ્ચિમ બંગાળના ઉત્તર દિનાજપુર જિલ્લાના તીન માઇલ હાટથી સિલિગુડીથી ૧૧ કિ.મી. દૂર રંગપાણી સુધી લગભગ ૩૬ કિ.મી. લાંબી ટનલમાં રેલવે ટ્રેક નાખવામાં આવશે. આ કોરિડોર ઉત્તર-પૂર્વ ભારત સાથેનું એકમાત્ર જોડાણ છે અને તેનો ઉપયોગ મુસાફરો તેમજ લશ્કરી સાધનો અને સૈનિકોની અવરજવર માટે થાય છે. ચિકનનેક કોરિડોરમાં પ્રસ્તાવિત ભૂગર્ભ રેલવે લાઇન સંપૂર્ણપણે ગ્રામીણ વિસ્તારોમાંથી પસાર થશે. રેલવે નિષ્ણાતો કહે છે કે ત્રણ આંતરરાષ્ટ્રીય સરહદોના આંતરછેદ નજીક લાંબી ટનલ દ્વારા રેલવેના ટ્રેક નાખવામાં આવશે. ભારતીય રેલવેએ આ પહેલાં ક્યારેય આવો પ્રોજેક્ટ હાથ ધર્યો નથી. આ પ્રોજેક્ટ નોર્થઈસ્ટ ફ્રન્ટિયર (NFR) રેલવેની દેખરેખ હેઠળ પૂર્ણ કરવામાં આવશે. અહીં એ ઉલ્લેખ કરવો સુસંગત છે કે પ્રસ્તાવિત રેખા બાંગ્લા દેશ સરહદ નજીક ભારતીય સેના દ્વારા નવાં લશ્કરી થાણાંઓ બનાવી રહેલા ત્રણમાંથી બે વિસ્તારોની ખૂબ નજીકથી પસાર થશે. આમાંથી એક બિહારમાં કિશનગંજ અને બીજું પશ્ચિમ બંગાળમાં ચોપડા છે. ત્રીજું લશ્કરી મથક આસામના ધુબરીમાં બનાવવામાં આવી રહ્યું છે. નેપાળ, ભૂટાન અને બાંગ્લા દેશની આંતરરાષ્ટ્રીય સરહદ પ્રસ્તાવિત ટનલની ખૂબ નજીક છે. આ ભૂગર્ભ રેલવે લાઇન કોઈ પણ કુદરતી આપત્તિ અથવા સુરક્ષા સંબંધિત સમસ્યાના કિસ્સામાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ સાબિત થશે. આનાથી સૈન્યનાં કર્મચારીઓ અને લશ્કરી સાધનો સરહદ પર સુરક્ષિત રીતે પહોંચી શકશે, એટલું જ નહીં, પરંતુ કુદરતી આફતની સ્થિતિમાં રાહત સામગ્રી પહોંચાડવામાં પણ ઘણી સુવિધા મળશે.

નિષ્ણાતો કહે છે કે ચિકનનેક કોરિડોર હંમેશા ભારત માટે વ્યૂહાત્મક રીતે ખૂબ જ મહત્ત્વપૂર્ણ રહ્યો છે. ભારતીય સેનાના નિવૃત્ત બ્રિગેડિયર પ્રબીર સાન્યાલ કહે છે કે જ્યારે હું સિત્તેરના દાયકાના અંતમાં સિક્કિમમાં પોસ્ટેડ હતો, ત્યારે કોઈ પણ અચાનક હુમલાનો સામનો કરવા માટે એક રણનીતિ બનાવવામાં આવી હતી કે જો ચીન સિલિગુડી કોરિડોર અથવા ભૂટાન થઈને ચિકનનેક પર હુમલો કરે તો આપણે શું કરીશું? હવે બાંગ્લા દેશમાં ઘણા લોકો ઘણી વાર ચિકનનેક પર કબજો કરવાની ધમકીઓ આપી રહ્યા છે. આપણે આ બાબતે સાવચેત રહેવું પડશે. હવે જે ભૂગર્ભ રેલવે પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો છે તે ઓછામાં ઓછાં વીસ વર્ષ પહેલાં બનાવવામાં આવવો જોઈતો હતો. દેશમાં બનાવવામાં આવી રહેલી બધી ટનલોમાં એવી વ્યવસ્થા છે કે લશ્કરના જવાનો ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી તેની અંદર રહી શકે. બાંગ્લા દેશની વર્તમાન સરકાર ભારત માટે પ્રતિકૂળ હોવાથી ચિકનનેકની સુરક્ષા બહુ મહત્ત્વની બની ગઈ છે.

*- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.*

**શરજીલ ઇમામ નામના આરોપીએ કહ્યું હતું કે જો ૫,૦૦,૦૦૦ મુસ્લિમો પણ ભેગાં થાય તો ચિકન નેક વિસ્તારને બ્લોક કરીને ભારતનાં ઉત્તર-પૂર્વીય રાજ્યોને સંપૂર્ણપણે કાપી શકાય છે**

## અનુસંધાન ... પાના છેલ્લાનું

### જેલમાંથી ભાગી...

અનુસાર વર્ષ 2005માં આરોપી હેમંત મોદી વર્ષ 2005માં નરોડામાં પાર્શ્વનાથ ટાઉનશીપમાં રહેતો હતો. આ દરમિયાન તેણે તેના ભાઈ સચિન મોદી, મિત્ર હિતેશ જાદવ, અશોક જાદવ, જયેશ શ્રીમાળી, પ્રવીણ સથવારા અને રોહિત રાઠોડે ભેગા મળીને રસ્તા પર સીડી મૂકવા બાબતે નરેન્દ્ર કામ્બલે અને રામા ભાઈ પટેલ સાથે ઝઘડો કર્યો હતો. આ ઝગડા દરમિયાન આરોપી સહિત 7 લોકોએ મળીને નરેન્દ્રની હત્યા કરી હતી. હત્યા કેસમાં વર્ષ 2008માં કોર્ટે તમામ આરોપીને આજીવન કેદની સજા ફટકારી હતી. આરોપી વર્ષ 2014માં જેલમાંથી 30 દિવસ બહાર રહ્યા બાદ નાસી ગયો હતો. આરોપી શરૂઆતમાં અમદાવાદ છોડીને નાસી ગયો હતો. આરોપીએ નામ બદલીને નાટકમાં કામ શરૂ કર્યું હતું. જે બાદ સફળતા મળતા ગુજરાતી મૂવી અને હિન્દી મૂવી તથા વેબ સિરીઝમાં કામ કરવાનું શરૂ કર્યું હતું. આરોપીએ 40થી વધુ બોલિવુડ ને ગુજરાતી ફિલ્મ, સીરિયલ, નાટક અને વેબ સિરીઝમાં કામ કર્યું છે. હાલમાં પણ મોટી બાની નાની વહુ ફિલ્મમાં કામ કરતો હતો. આરોપી અમદાવાદના ઘીકાંટામાં આવ્યો ત્યારે તેની ધરપકડ કરવામાં આવી છે. પૂછપરછ કરતા જે સત્ય સામે આવ્યું તે જાણી ક્રાઈમ બ્રાંચ પણ ચોંકી ઉઠી હતી. મુંબઈની ફિલ્મી દુનિયામાં 12 વર્ષ સુધી એક્ટિંગ કરનાર ગુજરાતી હીરો ખૂની નીકળ્યો. જેણે આમિર ખાન, સની દેઓલ, હિતુ કનોડિયા અને હિતેન કુમાર જેવા દિગ્ગજો જોડે કામ કર્યું છે. આજીવન કેદની સજા થતાં તેણે તેનું જીવન જેલમાં જ પસાર થવાનું છે તેમ કહીને પત્નીને પણ છૂટાછેડા આપી દીધી હતા.

### રોકડા ૧.૧૬...

કોન્સ્ટેબલ મેહુલભાઈ ભાભલુભાઈની ટીમે ઘટનાસ્થળ અને તેની આસપાસના વિસ્તારના આશરે ૨૦ થી ૨૨ જેટલા સીસીટીવી (CCTV) કેમેરાના ફૂટેજ ખૂબ જ બારીકાઈથી ચેક કર્યા હતા. આ સઘન તપાસના અંતે પોલીસે એ અજાણ્યા માણસની એક્ટિવા શોધી કાઢી હતી અને તેની ડીકી સુરક્ષિત રીતે ખોલાવીને અંદર રહેલા તમામ ૧,૧૬,૦૦૦ રિકવર કર્યા હતા.

તા. ૧૮/૦૫/૨૦૨૬ ના રોજ પોપટભાઈ દુધાતને પોલીસ સ્ટેશન ખાતે બોલાવી, 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અંતર્ગત તેમના હકના નાણાં સન્માનપૂર્વક પરત સોંપ્યા હતા.

### નાઇટ્રેટથી કેન્સર...

જેવા શહેરોમાં બાગાયત અને અન્ય ઉપયોગ માટે પણ ભૂગર્ભ જળનો ઉપયોગ થતો હોવાથી પ્રદૂષિત તત્વો ખાદ્ય શ્રેણી મારફતે માનવ શરીરમાં પ્રવેશી રહ્યા હોવાનું નિષ્ણાતોએ જણાવ્યું છે.

### આજે અને...

બીજી તરફ 22 અને 23 મે દરમિયાન દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે છાંટાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. 22 મેના રોજ નવસારી, વલસાડ, ડાંગ તેમજ દમણ, દાદરા અને નગર હવેલીમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્રના અમરેલી, ગીર સોમનાથ અને દીવ જિલ્લામાં પણ ગાજવીજ સાથે વરસાદી છાંટા પડી શકે છે.23 મેના રોજ નવસારી, વલસાડ, ડાંગ અને તાપી જિલ્લામાં વરસાદની શક્યતા છે. સાથે જ અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર અને દીવ વિસ્તારમાં પણ હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે છાંટાની આગાહી કરવામાં આવી છે.

### અટોદરામાં બોગસ...

પોલીસ ટીમને સાથે રાખી 'શ્રી હેલ્થ કેર ક્લિનિક'માં છાપો માર્યો હતો. આ બનાવમાં વિવિધ પ્રકારની ૮ એલોપેથિક દવાઓ, ઇન્જેક્શનો, સ્ટેથોસ્કોપ તથા બી.પી.મશીન મળી કુલ ૩.૭,૪૦૨નો મુદ્દામાલ મળી આવ્યો હતો. જેથી પોલીસે કાયદેસરનો ગુનો નોંધી ચાંદનીની ધરપકડ કરી મુદ્દામાલ કબજે લીધો હતો. પોલીસ ટીમ અને આરોગ્ય તંત્રની આ રેઇડ દરમિયાન જણાયું હતું કે તેણીનો પતિ પણ ઓલપાડ-સાયણ મેઈન રોડને અડીને અટોદરા ચોકડી પાસે આવેલી લક્ષ્મીવાડી સોસાયટીમાં મારુતિ આર્કેડના પહેલા માળે મેડિકલની જનરલ પ્રેક્ટિસ સાથે સ્ત્રીરોગ, બાળરોગ, એક્સ-રે, લેબોરેટરી, આઈ.સી.યુ. સુવિધા સાથે 'વંશ જનરલ હોસ્પિટલ' ચલાવી રહ્યો છે. જેથી પોલીસે ત્યાં રેઇડ કરતાં હોસ્પિટલમાં હાજર ડો.રાજેન્દ્ર હીરાભાઇ વાજા પાસે સરકાર માન્ય મેડિકલ ડિગ્રી સર્ટિ. માંગતાં તે આપી શક્યો ન હતો. જ્યારે હોસ્પિટલમાં ફરજ બજાવતા અન્ય બે ઈસમ પાસે પણ લાયકાતવાળા ક્વોલિફાઇડ મેડિકલ સર્ટિ. ન હોવાથી પોલીસે ત્રણેય આરોપીને દબોચી લીધા હતા.

આ ઉપરાંત ઝડપાયેલ બોગસ ડોક્ટરે હોસ્પિટલનું સરકારી રજિસ્ટ્રેશન પણ કરાવ્યું ન હતું. પોલીસે હોસ્પિટલમાંથી રેઈડ દરમિયાન અલગ-અલગ મેડિકલ સાધન-સામગ્રી તથા દવાઓ મળી કુલ ૪,૩૭૦નો મુદ્દામાલ કબજે લીધો હતો. ઓલપાડ પોલીસે ચારેય આરોપી વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. જેની વધુ તપાસ પીએસઆઇ ડી.બી.દેસાઈ કરી રહ્યા છે.

### સુરત એરપોર્ટ...

જણાવ્યા મુજબ હેલિકોપ્ટરમાં સવાર તમામ ચારેય સૈનિકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા અને બાદમાં જરૂરી કાર્યવાહી હાથ ધરાઈ હતી. ઘટનાને લઈ એરપોર્ટ ઓથોરિટી તથા સુરક્ષા એજન્સીઓ સતત સમન્વયમાં રહી કામગીરી કરતી જોવા મળી હતી.

### વેસુમાં દર્શન...

વાગ્યાના અરસામાં રમેશભાઈના પત્ની લલિતાબેન રાખી તેમના પાડોશમાં રહેતા લતાબેન અને વિનીતાબેન શાહ સાથે મોર્નિંગ વોક તથા દર્શનના હેતુથી નીકળ્યા હતા. આ ત્રણેય મહિલાઓ પગપાળા ચાલીને ઓ.એન.જી.સી. કોલોની ફેઝ-૨ નજીક આવેલા પ્રસિદ્ધ મહાદેવ મંદિરે જઈ રહી હતી. તે સમયે બાઈક પર આવેલા બે યુવાનોમાંથી એક તેમનો બે લાખની કિંમતનો અછોડો તોડી લીધો હતો. તેમણે કરેલી ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.


RAJHANS ગોપીતળાવ નવસારી બજાર, સુરત
2D હિન્દી સ્ટાર વોર્સ ૯.૧૫, ૨.૩૦, ૭.૪૫, રાત્રે ૧૦.૧૫
કૃષ્ણાવતારમ-1 હિન્દી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
પતિ પત્નિ ઔર વો દો સવારે ૧૧.૩૦
શુભ મંગલ ધમાલ ગુજરાતી : ૪.૩૦
ચાંદ મેરા દિલ ૯.૪૫, ૧૧.૪૫, ૧.૪૫, ૫.૦૦, ૭.૧૫, રાત્રે ૧૦.૦૦
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

APPLE CINEMA ★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
કડ્ડી માળ, એક્ઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. : 99984 46007
Book Tickets Now from : bookmyshow.com paytm @applecinemasurat
ઓલપાડ બસ ડેપોમાં હવેથી એપલ (મલ્ટીપ્લેક્ષ) ની સિનેમાની ટીકીટો બુકીંગ માટે ઓફિસ ખોલવામાં આવી છે.
ચાંદ મેરા દિલ | 2D હિન્દી સ્ટારવોર્સ | (હિન્દી) ફેમિલી ચિત્ર કૃષ્ણાઅવતારમ-1 | રાજા શિવાજી | ગુજરાતી ચિત્ર શુભમંગલ ધમાલ | ગુજરાતી ચિત્ર ભમરડો | ગુજરાતી ચિત્ર ધબકારો | ગુજરાતી ચિત્ર ધરપકડ | ભુતબંગલા

ફક્ત રૂા. ૮૦/- થી શરૂ ફેમિલી સાથે જોવા પધારો (હિન્દી) કૃષ્ણાવતારમ-1 ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
સત્ય ઘટના પર આધારિત આખરી સવાલ સંજયદત્તનો શાનદાર અભિનય ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
RUPAM CINEMA એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

RAJ IMPERIAL DOLBY ATMOS INOX વરાછા સરથાણા નેચર પાર્ક પાસે
For Booking Movie Tickets @ Raj Imperial Inox Call On 02612577777
રોમાંન્ટીક દિલચસ્પ લવસ્ટોરી ચાંદ મેરા દિલ અનન્યા પાંડે, લક્ષ્ય ATMOS : 9.40 am, 12.30 pm, 3.20 pm, 6.10 pm, 9.00 pm
એક્શન થ્રીલર સ્ટાર વોર્સ 3D હિન્દી ATMOS : 10.50 am, 1.40 pm, 4.30 pm, 7.20 pm
હિન્દી ફેમિલી હીટ ફિલ્મ કૃષ્ણાવતારમ-1 9.00 am, 12.00 pm, 3.05 pm, 6.10 pm, 9.15 pm
હલકી ફુલકી મસ્ત કોમેડી પતિ પત્નિ ઔર વો દો આયુષ્માન ખુરાના, સારા અલી ખાન, 10.50 am, 4.10 pm ATMOS WITH ENGLISH SUBTITLE : 10.10 pm
શુભ મંગલ ધમાલ ગુજરાતી : 9.20 pm
ધબકારો ગુજરાતી : 6.55 pm
આખરી સવાલ 9.05 am
ગુજરાતી સસ્પેન્સ થ્રીલર ધરપકડ 1.30 pm, 9.40 pm મલ્હાર ઠાકર
વાંકીચુકી લવસ્ટોરી ગુજરાતી : 6.05 pm
ભૂતબંગલા 11.40 am, 6.50 pm
ધુરંધર-2 1.35 pm
રાજા શિવાજી 9.45 am, 3.00 pm, 10.10 pm